# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી સુરત

બ્લોક-એ,ત્રીજો માળ, જિલ્લા સેવા સદન-૨ અઠવાલાઈન્સ સુરત- ૩૯૫૦૦૧

:- ૦૨૬૧-૨૬૬૨૯૦૩ :- suratdeo@gmail.com

Fax no:-૦૨૬૧-૨૬૬૨૯૦૨ web :-www.suratdeo.org


જા નં/મા-૨/પરિપત્ર/૨૦૨૪/ 16505 તા.૦૬/૧૨/૨૦૨૪

પ્રતિ,

આચાર્યશ્રી/સંચાલકશ્રી,
સુરત શહેરની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તમામ,
સુરત, જિલ્લો-સુરત

વિષય:- સાયબર ક્રાઈમ અવેરનેસ કાર્યક્રમ અંતર્ગત ચિત્ર સ્પર્ધાનાં આયોજન બાબત.
સંદર્ભ:- ૧. મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી,સાયબર ક્રાઈમ,સુરત શહેર,સુરતનાં
પત્રાંક:સાયબર/૬૪૩/૨૦૨૪ તા.૧૧/૧૦/૨૦૨૪.
૨. આ કચેરીનાં પરિપત્ર ક્રમાંક:મા-૨/૨૦૨૪/૧૪૭૪૯ તા.૧૪/૧૦/૨૦૨૪.

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે ઉક્ત સંદર્ભ-૨થી સુરત શહેરના સાયબર સંજીવની 3.0 અભિયાન હેઠળ સુરત શહેરની શાળાઓમાં સાયબર ક્રાઈમ અવેરનેસ કાર્યક્રમ અંતર્ગત “સાયબર ચિત્ર સ્પર્ધા”બાબતે સૂચનાઓ આપવામાં આવેલ. તે મુજબ શાળા કક્ષાએ “સાયબર ચિત્ર સ્પર્ધા” કરવામાં આવેલ.જેમાં શાળા/એસ.વી.એસ. કક્ષાએ વિજેતા થયેલ સ્પર્ધકો માટેની જિલ્લા કક્ષાની “સાયબર ચિત્ર સ્પર્ધા” નું આયોજન તા.૦૭/૧૨/૨૦૨૪ નાં રોજ સવારે ૦૯:૦૦ કલાકથી ૧૧:૦૦ દરમ્યાન સંસ્કાર ભારતી વિદ્યાલય,અડાજણ,સુરત ખાતેની શાળામાં કરવામાં આવેલ છે. વિજેતા સ્પર્ધકોની યાદી આ સાથે સામેલ છે. તે મુજબ સ્પર્ધામાં ભાગ લેવા જણાવવામાં આવે છે.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત,જિલ્લો-સુરત

<u>સવિનય નકલ રવાના જાણ સારૂ:-</u>
મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી,
મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીની કચેરી,સાયબર ક્રાઈમ,સુરત શહેર,અઠવાલાઈન્સ,સુરત.

સુરત શહેરના સાયબર સંજીવની 3.0 અભિયાન હેઠળ ધોરણ 7 થી 12 સુધીના શાળાના વિદ્યાર્થીઓ માટે SVS જિલ્લા કક્ષાની સાયબર ડ્રોઈંગ સ્પર્ધા

- સાયબર ડ્રોઈંગ સ્પર્ધા તારીખ: ૦૭/૧૨/૨૦૨૪
- સાયબર ડ્રોઈંગ સ્પર્ધા સમય: સવારે ૦૯:૦૦ થી ૧૧:૦૦ કલાક
- સાયબર ડ્રોઈંગ સ્પર્ધા સ્થળ: સંસ્કાર ભારતી વિદ્યાલય, અડાજણ
- ભાગ લેનાર વિદ્યાર્થીઓને સ્પર્ધા માટે નીચે મુજબ સામગ્રી પૂરી પાડવામાં આવશે.

  ૧. A3 Size ડ્રોઈંગ શીટ

  ૨. પેન્સિલ, રબર

  ૩. કલર સ્કેચ પેન

- ભાગ લેનાર વિદ્યાર્થીઓએ સ્પર્ધા માટે કોઈ પણ કલરનો ઉપયોગ કરી શકે છે.
- સ્પર્ધા માટે  અન્ય કલર અને સાધન સામગ્રી વિદ્યાર્થીઓએ જાતે લાવવાની રહેશે.

